અપીલ અરજી નં.૧૧૪ તા. ૯–૬–૧૧

ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)
એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૧–૧–૧૧ની અરજીથી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા ખરીદવામાં આવેલી દરેક વસ્તુની રેકર્ડ ચકાસણી , સ્ટોરરૂમના તમામ દફતરી રેકર્ડની ચકાસણી કરવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની અપીલ તા.૯–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૪/૨૦૧૧–૧૨

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૧–૧–૧૧ની અરજીથી છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા ખરીદવામાં આવેલી દરેક વસ્તુની રેકર્ડ ચકાસણી , સ્ટોરરૂમના તમામ દફતરી રેકર્ડની ચકાસણી કરવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૯ તા.૧૫–૬–૧૧ થી તમામઝોનના જાહેર માહિતી અધિકારી તથા અરજદારને તેમની વિલંબિત અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ ૧૯(૧) હેઠળ વિલંબ માટે વ્યાજબીપણું તથા મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત સહ રજુ કરવા તેમજ અપીલના કારણમાં ડેડસ્ટોક રજીસ્ટરમાં ફર્નિચર સાધનની નોંધ નથી, નંબરો પડાયા નથી, કિંમત અનેક ગણી જણાય છે. જે અંગે આધાર હોયતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/ આ.નં.૨૫૧ તા.૨૧–૬–૧૧ થી પૂરક વિગતોમાં આકારણી દફતરે અને બાંધકામ બાબતેની તેઓની આઈ ડી નં.૪૧૩ તા.૨૧–૧–૧૧ ની મુળ અરજીની વિગતો બાબતેની માહિતી આપતી વિગતો અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પણ તેવી વિગતો રજૂ કરેલ છે. પરંતુ અરજદારની તા.૨૧–૧–૧૧ ની ડેડસ્ટોક રજીસ્ટરની ચકાસણી બાદ ફર્નીચર વસ્તુ ખરીદીમાં હલકી ગુણવત્તા તથા ગેરરીતી થવા બાબતે ધ્યાને આવતા તપાસ કરવા બાબત ૨૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર આવી અરજી રેકર્ડ ઉપર જણાયેલ નથી તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી આઈ ડી.નં.૪૧૩ તા.૨૧–૧–૧૧ મુજબની વેસ્ટઝોન ધ્વારા જણાવેલ વિગતો જ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ધ્વારા પણ તેવી જ વિગતો રજૂ કરેલ છે. જયારે લીંબાયતઝોન તરફથી કોઈ પૂરક વિગતો રજૂ થયેલ નથી. જયારે અરજદાર તરફથી ૨૩–૬–૧૧ ની અરજી ઉધનાઝોન મારફતે મળેલ છે જેમાં રૂા.૨૦/– સ્ટેમ્પ પેપર પર રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના લેટર પેડ પર અરજી કર્યાનું જણાવેલ છે પરંતુ માંગવા છતાં આધાર પુરાવા કે નકલ રજૂ કરેલ નથી. સ્ટેમ્પ નંબર પણ જણાવેલ નથી.

અરજદારની તા.૨૧–૧–૧૧ ની અરજીથી રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના લેટર પેડ ઉપર કમિ.શ્રી સુરત મહાનગપાલિકાને સંબોધતી અરજી તા.૨૧–૧–૧૧ ના રોજ ઉધનાઝોન ખાતે આપવામાં આવેલ. જે રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર સામેલ હોવાનું તેમાં જણાવેલ છે. પરંતુ આ તમામઝોન તરફથી પૂરક વિગતોમાં જણાવેલ અરજદારની તા.૨૧–૧–૧૧ ની રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર અરજી બાબતેની કોઈ વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ નથી. તેમજ કતારગામઝોન તરફથી આવી વિગત ન હોવાનું પણ પૂરક વિગતોમાં જણાવેલ છે. તેમજ વરાછાઝોન તરફથી પણ આવી અરજી નહીં મળ્યાનું પૂરક વિગતોમાં જણાવેલ છે. આમ અરજદારે અપીલમાં રજૂ કરેલ મુળ અરજી જેમાં ડેડસ્ટોક રજીસ્ટરની વસ્તુ અને સાધનોની ખરીદી બાબતેની વિગતો અંગેની રૂા.૨૦/– નાસ્ટેમ્પ પેપર પર તા.૨૧–૧–૧૧ ની અરજી મળ્યા બાબતે કોઈ વિગતો ઝોન તરફથી મળેલ નથી. વધુમાં તેમની વિલંબિત અપીલ અરજી માટે આરટીઆઈ કાયદાની કલમ ૧૯(૧) હેઠળ વિલંબ માટે વ્યાજબીપણું તથા મુળ અરજીની નકલ , ફી ભર્યાની વિગત સહ રજુ કરવા તેમજ અપીલના કારણમાં ડેડસ્ટોક રજીસ્ટરમાં ફર્નિચર સાધનની નોંધ નથી, નંબરો પડાયા નથી, કિંમત અનેક ગણી જણાય છે. જે અંગે આધાર હોયતો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ.જે અંગે અરજદારે તા.૨૩–૬–૧૧ ના રોજ આપે પૂરક વિગતોમાં મુળ અરજીની ફી ભર્યાની વિગત રૂા.૨૦/– સ્ટેમ્પ પેર જોડીને કર્યાનો

જણાવેલ છે પરંતુ અત્રે અપીલ સાથે રજૂ કરેલ રામકૃષ્ણ પરમહંસના લેટરપેડ ઉપર રૂા. ૨૦/– નો સ્ટેમ્પપ પેપર જોડી અપીલ અરજી સાથે તે સામેલ પત્રક મુજબ માહિતી માંગેલ હતી તેવું જણાવેલ હતુ રૂા.૨૦/– નો સ્ટેમ્પ પપેરની નકલ રજૂ કરેલ નથી. વધુમાં અરજદારને વિલંબિત અપીલના વાજબીપણા અંગે પણ જણાવવા છતાં ટ્રસ્ટના લેટરપેડની અરજીના અનુસંધાને જવાબ મળ્યો નથી તેથી પાંચ મહીનાની પ્રતિક્ષા પછી પણ માહિતી ન મળી ન હોય તો ૩૦ દિવસની અપીલ સમય મર્યાદા લાગુ પડતી નથી તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૩ તા.૨૪–૬–૧૧ થી પુનઃ તક આપી રૂા.૨૦/ ના સ્ટેમ્પ પેપરવાળી મુળ અરજીની નકલ તથા અરજી તબદીલ થયેલ હોય તો તેની નકલ તથા તેમને તા.૨૧–૧–૧૧ ના રોજ કમિ.શ્રીને સંબોધીને પોતાનો મત વ્યકત કરેલ છે. જેમાં શું માહિતીની માંગણી કરવાની તપાસ કરવાને લગતી કાર્યવાહી ને લગતી અરજી હાથ ધરવા સ્પષ્ટતા કરવા તથા કલમ–૬(૧) મુજબ પ્રત્યેક અરજીની નિર્ધારિત ફી સાથે ભરવાની હોય વિગતો રજૂ કરવા જણાવેલ નહીંતર અપીલનું કારણ ઉત્પન થાય નહીં તેવું પણ જણાવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો રજૂ થયેલ નથી. કે કોઈ બચાવ રજૂ થયેલ નથી.

આમ અરજદારે અપીલ અરજી સાથે તા.૨૧–૧–૧૧ ની રૂા.૨૦/– સ્પેમ્પ પેપર ઉપર અરજીમાં જણાવેલ વિગતે અરજી કર્યાનું જણાવેલ છે. પરંતુ તે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૩૫૯ તા.૧૫–૬–૧૧ અને પત્ર નં.આરટીઆઈ સેલ/૩૯૩ તા. ૨૪–૬–૧૧ થી ફી ની વિગતો રજૂ કરવાનું જણાવ્યા હોવા છતાં અરજદાર રૂા.૨૦/– ના સ્પેમ્પપેપર ઉપરની ફી ની વિગત બાબતે નકલ રજૂ કરવામાં સફળ રહેલ નથી. આથી અપીલનું કારણ ઉત્પન થાય નહીં. વધુમાં અરજદાર અરજી ફી ની વિગત રજૂ કરવામાં સફળ રહેલ ન હોય અપીલનું કારણ ઉત્પન થાય નહીં તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદાર વિલંબિત અપીલ અરજી અંગે પણ તેમનું વાજબીપણું રજૂ કરવામાં સફળ રહેલ નથી. આથી કલમ–૧૯(૧) અને નિયમ–૬ મુજબની જોગવાઈઓ જણાવવામાં આવી છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો અત્રે મળેલ નથી. કાયદાની કલમ–૬(૧) હેઠળ નિર્ધારિત ફી વિનાની મુળ અરજી તેમજ ૧૯(૧) હેઠળ વાજબીપણા વિનાની વિલંબિત અપીલ અરજી પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી તેથી અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૧–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૬(૧) મુજબ ફી ભર્યાની વિગત રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ ન હોવાથી અપીલનું કારણ ઉત્પન થાય નહી. તેમજ અપીલ તબકકે વિલંબિત અપીલનું વાજબીપણુ રજૂ કરવામાં તેમનો પક્ષ રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ ન હોઈ તમામ હકીકત ધ્યાને લઈ અરજદારની અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭–૧૧

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), એડી.સીટી ઈજનેર (સીવીલ) અને જાહેર માહિતી અધિકારી (નોર્થઝોન),કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), એડીસીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી